

૮
સંરક્ષણ મંત્રાલય
વર્ષ
સુધારાના
જૂન 2022
www.mod.gov.in

“

સુરક્ષાનો મૂળ સિદ્ધાંત એ છે કે, તમારી પાસે તમારી પોતાની જરૂરિયાત અનુસાર તૈયાર કરેલી અને અનોખી સિસ્ટમ હોય, તો જ તમને તે મદદરૂપ થઈ શકશે. જો 10 દેશો પાસે એક સરખા પ્રકારના જ સંરક્ષણ ઉપકરણો હોય, તો પછી સૈન્યમાં કોઈ વિશિષ્ટતા રહેશે જ નહીં. જો તમારા પોતાના દેશમાં જ ઉપકરણો તૈયાર કરવામાં આવતા હોય તો જ વિશિષ્ટતા અને આશ્ચર્યમાં મૂકી દેતા ઘટકો હોઈ શકે છે.


**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી**

(અંદાજપત્ર પછીનો વેબિનાર
'સંરક્ષણમાં આત્મનિર્ભરતા - કૉલ ટુ એક્શન')



# મજબૂત સંરક્ષણ, રાષ્ટ્રમાં આત્મવિશ્વાસ

- અજોડ સુધારા અને સૈન્ય શક્તિમાં આધુનિકતાના આઠ વર્ષ
- અદ્યતન શસ્ત્રો અને પ્લેટફોર્મથી સુસજ્જ દુનિયાનું બીજું સૌથી મોટું સશસ્ત્ર દળ
- રાફેલ અને LCA તેજસથી વાયુસેનાની લડવાની ક્ષમતાઓ વધુ તીવ્ર બની
- સંરક્ષણમાં આત્મનિર્ભરતાઃ ભારતમાં નિર્મિત જહાજો અને સબમરીનોથી નૌકાસેનાની શક્તિને વધુ ઊંડાઈ પ્રાપ્ત થઈ
- 'મેક ઈન ઈન્ડિયા' ટેન્કો, મિસાઈલો અને હેન્ડ ગ્રેનેડથી સજ્જ ભૂમિસેના
- સરહદી વિસ્તારોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ દ્વારા સુરક્ષા સરંજામની હેરફેર વધુ મજબૂત બની
- સુરક્ષા જવાબદારીઓમાં નારીશક્તિ ખભાથી ખભો મિલાવી રહી છે



# અગ્નિપથ


- સશસ્ત્ર દળોમાં 4 વર્ષની મુદત માટે 'અગ્નિવીર' તરીકે યુવાનોની ભરતી કરવા માટે પરિવર્તનકારી સુધારો
- 17.5 થી 21 વર્ષની ઉંમરના પુરુષો અને મહિલાઓ બંનેની ભરતી કરવામાં આવશે (પ્રથમ બેચ માટે ઉપલી વય મર્યાદામાં બે વર્ષની રાહત આપીને 23 વર્ષ કરવામાં આવી)
- સશસ્ત્ર દળોમાં યુવા પ્રોફાઈલ પ્રાપ્ત કરવા તેમજ 'જોશ' અને 'જુસ્સા'ની નવી લાગણીનું સિંચન કરવા માટે આ યોજના તૈયાર કરવામાં આવી છે
- ટેકનોલોજીથી વધુ પરિચિત સૈન્ય તરફ પ્રયાણ
- પાત્રતા અને સંગઠનાત્મક જરૂરિયાતના આધારે 25% 'અગ્નિવીર'ની નિયમિત કેડરમાં ભરતી કરવામાં આવશે

**ભૂમિસેના, નૌકાસેના અને વાયુસેનામાં ભરતીની અધિસૂચના બહાર પાડી દેવામાં આવી છે!**



# 'અગ્નિવીરો'ને સમર્થન આપવા માટેના પગલાં

## 4 વર્ષના સેવાકાળ પછી



- **10% નોકરીની જગ્યાઓ સંરક્ષણ મંત્રાલયમાં અનામત રાખવામાં આવી છે**

  ભારતીય તટરક્ષક દળ, સંરક્ષણ નાગરિક હોદ્દાઓ અને તમામ 16 DPSU આવરી લેવામાં આવ્યા છે

- **10% નોકરીની જગ્યાઓ ગૃહ મંત્રાલયમાં અનામત રાખવામાં આવી છે**

  CAPF અને આસામ રાઈફલ્સમાં 3 વર્ષની વય મર્યાદાની રાહત સાથે લાગુ થવા પાત્ર; પ્રથમ બેચ માટે 5 વર્ષની છૂટ

- **ભારતીય નૌકાસેનામાંથી ભારતીય મર્ચન્ટ નેવીમાં 6 પદ્ધતિઓથી ભરતી કરાશે**

- **શૈક્ષણિક કૌશલ્યમાં વૃદ્ધિ, NIOS દ્વારા સુવિધા આપવામાં આવશે**

  10 પાસ અગ્નિવીરો માટે NIOS દ્વારા ખાસ તૈયાર કરવામાં આવેલો અભ્યાસક્રમ શરૂ કરાશે જેથી તેઓ પોતાનો આગળનો અભ્યાસ કરી શકે અને 12 પાસનું પ્રમાણપત્ર મેળવી શકે

- **રાજ્ય પોલીસ દળોમાં પ્રાધાન્યતાના ધોરણે ભરતી**

  અગ્નિવીરોને રાજ્ય પોલીસની ભરતીમાં પ્રાધાન્યતા અપાશે

- **ઉદ્યોગસાહસિકતા અને નોકરી માટે કૌશલ્ય વિકાસ**

  અગ્નિવીરો સેવામાં હોય ત્યારે કૌશલ્ય ભારતનું પ્રમાણપત્ર મેળવશે જેનાથી તેઓ ઉદ્યોગસાહસિકતા અને નોકરીની વિવિધ ભૂમિકાઓ પ્રાપ્ત કરી શકશે




# સશસ્ત્ર દળો દ્વારા મુખ્ય ખરીદીઓ

## સશક્ત ભારતની સશક્ત સેના

# ભારતીય વાયુસેના:
## ગરુડ શક્તિ

- 32 રાફેલ ફાઈટર એરક્રાફ્ટ, બે ફાઈટર સ્ક્વૉડ્રનનો પુનરુત્કર્ષ
- સ્વદેશમાં તૈયાર કરવામાં આવેલા લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ 'તેજસ'ની બે સ્ક્વૉડ્રન
- હેવી લિફ્ટ ચિનૂક અને ઍટેક હેલિકોપ્ટર અપાયેથી રોટર વિંગ વધુ મજબૂત બની રહી છે
- હવામાંથી લોન્ચ થતી એર-સરફેસ સુપરસોનિક મિસાઈલ 'બ્રાહ્મોસ'નું એકીકરણ
- ASTRA, હવાથી હવામાં લક્ષ્ય સાધતી રડાર દ્વારા ગાઈડેડ મિસાઈલ Su-30MKI

  પર સંરક્ષણ મંત્રાલયે ASTRA Mk Iની ખરીદી માટે BDL સાથે રૂ. 2,900 કરોડ કરતાં વધુ મૂલ્યનો કરાર કર્યો છે. ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાસેના માટે વિઝ્યુઅલ રેન્જથી આગળની હવાથી હવામાં લક્ષ્ય સાધતી મિસાઈલ સિસ્ટમ અને એસોસિએટેડ ઉપકરણો
- બ્રહ્મોસ એર-ટુ-ગ્રાઉન્ડ મિસાઈલની મદદથી Su-30 MKIનો ઉદય જે હિન્દ મહાસાગર પ્રદેશમાં વ્યૂહાત્મક ક્ષમતા પૂરી પાડે છે
- C-130 J ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટની ખરીદી
- 56 C-295 MW ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ હસ્તગત કરવા માટે સ્પેનની એરબસ ડિફેન્સ એન્ડ સ્પેસ સાથે કરાર
- DRDO દ્વારા ભારતીય વાયુસેનાને મીડિયમ રેન્જ સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM) સિસ્ટમ સોંપવામાં આવી
- રાજસ્થાનમાં બાડમેર નજીક NH-925A પર કટોકટીના સમયમાં ફાઈટર એરક્રાફ્ટના લેન્ડિંગની સુવિધા


રાફેલ


તેજસ


ચિનૂક


C-130J

# ભારતીય નૌકાસેના
# નેવલ ફાયરપાવર

- ભારતનું પ્રથમ સ્વદેશી બનાવટનું એરક્રાફ્ટ વાહક IAC વિક્રાંત; સમુદ્રમાં પરીક્ષણ પૂરું થયું
- **પ્રોજેક્ટ 75**
  **છ સ્કોર્પિયન – વર્ગની સબમરીન**
  છ સબમરીનમાંથી ચાર – INS કલાવરી, INS ખંડેરી, INS કરંજ, INS વેલા તૈનાત કરવામાં આવી
  'વાગીર'નું સમુદ્રમાં પરીક્ષણ ફેબ્રુઆરી 2022માં પૂરું થયું
  'વાગશીર'ને એપ્રિલ 2022માં લોન્ચ કરવામાં આવી
- **પ્રોજેક્ટ 15B**
  **સ્વદેશી બનાવટના ગાઈડેડ મિસાઈલના યુદ્ધ જહાજોની શ્રેણી**
  **INS વિશાખાપટ્ટનમ**
  પ્રોજેક્ટના મુખ્ય અગ્રેસર જહાજને નવેમ્બર 2021માં તૈનાત કરવામાં આવ્યું
  **મોર્મૂગાવ**
  સમુદ્રમાં પ્રથમ પરીક્ષણ ડિસેમ્બર 2021માં પૂરું કર્યું
  **સુરત**
  મે 2022માં લોન્ચ કરવામાં આવ્યું
- **પ્રોજેક્ટ 17A**
  સ્વદેશી બનાવટના સ્ટીલ્થ ફ્રિગેટની શ્રેણી
  **નીલગિરિ**
  સપ્ટેમ્બર 2019માં લોન્ચ કરવામાં આવ્યું
  **હિમગિરિ**
  ડિસેમ્બર 2020માં લોન્ચ કરવામાં આવ્યું
  **ઉદયગિરિ**
  મે 2022માં લોન્ચ કરવામાં આવ્યું



IAC વિક્રાંત




INS વિશાખાપટ્ટનમ

# ભારતીય ભૂમિસેના

## તેની જ્વાળામાં વધુ તાકાતનો ઉમેરો

- સ્વદેશી બનાવટની મુખ્ય યુદ્ધ ટેન્ક અર્જૂન (MK-1A) 118 યુનિટ પૂરાં પાડવા માટે રૂપિયા 7,523 કરોડનો ઓર્ડર ચેન્નઈ સ્થિત હેવી વ્હીકલ ફેક્ટરીને આપવામાં આવ્યો
- ખાનગી ધોરણે નિર્મિત મલ્ટિ-મોડ હેન્ડ ગ્રેનેડ, DRDO દ્વારા ટ્રાન્સફર કરવામાં આવેલી ટેકનોલોજી સાથે
- 1.86 લાખ બુલેટપ્રૂફ જેકેટની ખરીદી
- અમેઠીમાં સંયુક્ત રીતે AK-203 અસૉલ્ટ રાઈફલનું ઉત્પાદન કરવા માટે રૂ. 5,100 કરોડના પ્રોજેક્ટને મંજૂરી
- સ્વદેશી ધોરણે તૈયાર કરવામાં આવેલી મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલનું સફળ ફ્લાઈટ પરીક્ષણ
- મધ્યમ રેન્જની સરફેસ-ટુ-એર મિસાઈલ સિસ્ટમના બે સફળ પરીક્ષણ પૂરા થયા
- મધ્યમ રેન્જની સરફેસ ટુ એર મિસાઈલ (MRSAM)નું સફળ ફ્લાઈટ પરીક્ષણ કરવામાં આવ્યું
- સ્વદેશી બનાવટની એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ 'HELINA'ના યુઝર વેલિડેશન પરીક્ષણ કરવામાં આવ્યા



ટેન્ક અર્જૂન (MK-1A)



મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ



એર મિસાઈલ (MRSAM)



# ભારતીય તટરક્ષક દળ
## સમુદ્રના સંરક્ષકો

- 16 એડવાન્સ્ડ લાઈટ હેલિકોપ્ટર (ALH Mk-III) પૂરાં પાડવા માટે હિન્દુસ્તાન એરોનોટિકલ લિમિટેડ સાથે કરાર કરવામાં આવ્યો છે

  અત્યાર સુધીમાં 13 હેલિકોપ્ટરને સેવામાં સામેલ કરી દેવાયા છે

  તમામ 16 હેલિકોપ્ટરને ઓડિશા, ગુજરાત, કેરળ અને તમિલનાડુ ખાતેથી ઑપરેટ કરવામાં આવશે
- 24 ટ્રાફિક કોલિઝન એવોઈડન્સ સિસ્ટમ (TCAS) ઈન્સ્ટોલ અને એકીકૃત કરવા માટેનો કોન્ટ્રાક્ટ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ સાથે કરી દેવાયો છે

  13 ICG ડોનિઅર્સ પૂરાં થઈ ગયા
- 12 ઓફશોર પેટ્રોલિંગ જહાજો, 05 ઝડપી પેટ્રોલિંગ જહાજો અને 01 તાલીમ જહાજને FY -2014-2015માં તૈનાત કરવામાં આવ્યા
- 22 ઝડપી પેટ્રોલિંગ જહાજ અને 02 પ્રદૂષણ નિયંત્રણ જહાજના કોન્ટ્રાક્ટનું કામ FY 2017-2022 દરમિયાન પૂરું કરવામાં આવ્યું
- કર્ણાટકમાં કાંજારુ, મેંગલોર ખાતે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ એકેડેમી માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી
- ભારતના વિશિષ્ટ ઈકોનોમિક ઝોન (EEZ)માં ICGને મુલાકાત, બોર્ડ પર જવા, શોધ અને જપ્તીની કામગીરી (VBSS) કરવાની કાનૂની સત્તા આપવા માટે મંજૂરી આપવામાં આવી

# ઓપરેશનો

**પડોશી દેશો / વિદેશી જહાજોને સહાયતા**

**ઓપરેશન 'સાગર આરક્ષા -II' 2011**

**MV X-પ્રેસ પર્લ ઓફ કોલંબોમાં ઓન બોર્ડ ફાયર ફાઈટિંગ ઓપરેશન**

ICG અને શ્રીલંકાની ઓથોરિટી દ્વારા હાથ ધરાયેલા સંયુક્ત પ્રયાસોના કારણે મોટાપાયે સમુદ્રમાં ઓઈલ ફેલાતું રોકી શકાયું હતું

**ICGS સમર્થ દ્વારા ટોઈંગ સહાયતા, ઓન્ડ્રેથ તરફ પ્રયાણ વખતે MV કારાવટ્ટીમાં ઓનબોર્ડ આગ જોવા મળી ત્યારે, 2021**

274 મુસાફરોને એક્સ-ICG જહાજ સમર્થનો ઉપયોગ કરીને બહાર કાઢવામાં આવ્યા

350 મુસાફરોને MV કોરલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા

**ઓપરેશન સાગર આરક્ષા, 2020 જે શ્રીલંકાના પૂર્વ દરિયામાં MT ન્યૂ ડાયમંડ પર લાગેલી આગ વખતે કરાયેલું ફાયર ફાઈટિંગ ઓપરેશન છે. ICG અને શ્રીલંકાની ઓથોરિટીના સંયુક્ત પ્રયાસોથી આગ બુઝાવવામાં આવી અને મોટાપાયે સમુદ્રમાં ઓઈલ ઢોળાતું રોકી શકાયું**

**બંગાળની ખાડીમાં નાગરિક સત્તામંડળને અસાની ચક્રાવાત વખતે સહાય (2022)**

કેન્દ્રિત પ્રયાસોથી કોઈ જાનહાનિ ના થઈ અને સમુદ્રકાંઠે આવેલી મિલકતો બચાવી શકાઈ

**MV Gal કન્સ્ટ્રક્ટર, 2021**

ICG ચેતક હેલિકોપ્ટર દ્વારા 102 લોકોને બચાવી લેવાયા, મુંબઈથી ઉત્તર દિશામાં 47 નોટિકલ માઈલ દૂર

**'યાસ' વાવાઝોડું, 2021**

**ફસાયેલા 77 લોકોને બચાવ્યા**

**'તૌક્તે' વાવાઝોડું, 2021**

**147 લોકોને બચાવી લેવાયા, બુરેવી વાવાઝોડું બંગાળની દક્ષિણ પશ્ચિમ ખાડીમાં, 2020**

ICG દ્વારા લેવાયેલા શ્રેણીબદ્ધ પગલાંઓના કારણે કોઈ જાનહાનિ અને માલહાનિ ના થઈ 7

**દાણચોરી વિરોધી અને નાર્કોટિક્સ નિયંત્રણ (AS&NC)**

ICG દ્વારા સઘન શોધખોળ અને પ્રતિભાવ વ્યવસ્થાતંત્ર

- વિવિધ ઓપરેશનોમાં સફળતાપૂર્વક 5.7 ટન નાર્કોટિક્સનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો જેનું અંદાજિત મૂલ્ય **રૂ. 13,557/- કરોડ** છે.
- આજદિન સુધીમાં કુલ **રૂ. 12,206 કરોડ**ના ડ્રગ્સની હેરાફેરી રોકી

“

**સંરક્ષણમાં આત્મનિર્ભરતા**

આપણે જ્યારે શસ્ત્રોની આયાત કરીએ છીએ ત્યારે, તેની પ્રક્રિયા એટલી બધી લાંબી હોય છે કે તેમાંથી ઘણા તો આપણા સુરક્ષા દળો સુધી પહોંચે ત્યાં સુધીમાં જૂનવાણી થઈ ગયા હોય છે. તેનો ઉકેલ પણ 'આત્મનિર્ભર ભારત' અભિયાન અને 'મેક ઈન ઈન્ડિયા'માં રહેલો છે. આપણા સંરક્ષણ દળોનો આત્મવિશ્વાસ અને ગૌરવ ત્યારે જ ઊંચા સ્તરે પહોંચે જ્યારે તેઓ સ્વદેશી બનાવટના સાધનોથી સજ્જ હોય.

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી**

('સંરક્ષણ વિનિર્માણમાં આત્મનિર્ભર ભારત' પર સેમીનારમાં)



# સંરક્ષણમાં આત્મનિર્ભરતા - સપનું સાકાર થઈ રહ્યું છે

- 310 સંરક્ષણ ચીજોને ઘરેલું વિનિર્માણ માટે આરક્ષિત કરવામાં આવી છે
- 84,598 કરોડ રૂપિયા ઘરેલુ મૂડી ખરીદી માટે અલગ રાખવામાં આવ્યા, 2022-23ના મૂડી સંપાદન બજેટમાં 68%ની વૃદ્ધિ કરવામાં આવી
- ઘરેલું મૂડી સંપાદનમાંથી 25% (રૂ. 21,149 કરોડ) ખાનગી ઉદ્યોગો, MSME અને સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવા માટે અલગ રાખવામાં આવ્યા
- DAP 2020 હેઠળ નવા નિયમો દ્વારા સંપાદનની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી
- સંરક્ષણ વિનિર્માણ ઈકોસિસ્ટમને વેગ આપવા માટે ઉત્તરપ્રદેશ અને તમિલનાડુમાં બે સંરક્ષણ ઔદ્યોગિક કોરિડોરની સ્થાપના કરવામાં આવી
- સશસ્ત્ર દળો માટે પ્રોટોટાઈપ ઉકેલોનું સર્જન કરવા માટે આવિષ્કારકર્તાઓ માટે વિવિધ સંરક્ષણ આવિષ્કાર સ્ટાર્ટઅપ ચેલેન્જ શરૂ કરવામાં આવી
- સંરક્ષણનું સંશોધન અને વિકાસનું ૨૫ ટકા બજેટ ઉદ્યોગો, સ્ટાર્ટઅપ અને શિક્ષણ સંસ્થાઓ માટે અલગ રાખવામાં આવ્યું





- 334% વૃદ્ધિ સંરક્ષણ ક્ષેત્રે નિકાસમાં
  - (2014-15માં રૂ. 1,941 કરોડથી વધીને 2020,21માં રૂ. 8,434 કરોડ)
  - હવે 84 દેશોમાં સંરક્ષણ ઉપકરણોની નિકાસ કરવામાં આવે છે
- મેક ઈન ઈન્ડિયા, મેક ફોર વર્લ્ડ' પ્રાપ્ત કરવા માટે, નવું સંરક્ષણ ઔદ્યોગિક લાઈસન્સ ઈચ્છુક કંપનીઓ માટે ઓટોમેટિક રૂટ મારફતે સંરક્ષણ ક્ષેત્રમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ વધારીને 74% અને સરકારી રૂટ મારફતે રોકાણ વધારીને 100% કરવામાં આવ્યું
- કેન્દ્રીય અંદાજપત્ર FY 2022-23માં મૂડી ફાળવણીમાં 12.82%ની વૃદ્ધિ સાથે રૂ. 1.52 લાખ કરોડની ફાળવણી કરી
- આત્મનિર્ભર ભારતીય નૌકાસેના
  - 2014માં 76% આવશ્યકતાની સ્વીકૃતિ (AON), 66% ખર્ચ આધારિત કરારો ભારતીય વેન્ડરોને
  - 90% સ્વદેશીકરણ નૌકાસેનાની યુદ્ધસામગ્રીમાં
  - છેલ્લા પાંચ વર્ષમાં નૌકાસેનાના આધુનિકીકરણનું બે તૃત્યાંશ કરતાં વધારે બજેટ સ્વદેશી ખરીદીમાં ખર્ચવામાં આવ્યું છે
  - ઓર્ડર આપવામાં આવેલા 41 જહાજ/સબમરીનમાંથી 39નો ઓર્ડર ભારતીય શિપયાર્ડ્સને.





# સુધારાના માર્ગ પર સશસ્ત્ર દળો

- ચીફ ઓફ ડિફેન્સનો હોદ્દો જાહેર કરાયો
- નવતર સુધારાઓની દિશામાં આગળ વધવા માટે સૈન્ય બાબતોના વિભાગની રચના કરવામાં આવી
- આંતર-સેવા એકીકરણને પ્રોત્સાહન આપવાનું અને સંસાધનોનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવાનું લક્ષ્ય





# નાણાકીય સત્તાઓની સોંપણી

- ઓપરેશન ક્ષમતાઓમાં વધારો કરવા માટે સર્વિસ હેડક્વાર્ટર્સ (SHQ)ને સત્તા સોંપવામાં આવી
  - યુદ્ધસામગ્રી અને સ્પેરપાર્ટ્સની ખરીદી માટે સશસ્ત્ર દળોને કટોકટીની નાણાકીય સત્તાઓ સોંપવામાં આવી
  - વાઇસ ચીફની નાણાકીય સત્તા વધારીને રૂ. 500 કરોડ સુધી કરવામાં આવી
  - સર્વિસ હેડક્વાર્ટર્સને વિશેષ કટોકટીની સત્તાઓ આપી
  - મૂડી પ્રાપ્તિ માટે નાણાકીય સત્તા વધારીને SHQ માટે રૂ. 300 કરોડ અને MoD માટે રૂ. 2,000 કરોડ કરવામાં આવી

# ઓર્ડનન્સ ફેક્ટરીઓમાં તાલમેલ કર્યો અને શક્તિશાળી બનાવી

- 41 ઓર્ડનન્સ ફેક્ટરીઓનો ફરી સમૂહ બનાવ્યો અને ઓક્ટોબર 2021માં સાત નવા DPSU હેઠળ ઘણી સ્વાયત્તતા આપવામાં આવી

- સમાવેશના છ મહિનાની અંદર, સાતમાંથી છમાં નફો નોંધાયો




| અનુ. નં. | નવી સંરક્ષણ કંપની | હંગામી નફો (01 ઓક્ટોબર 2021 થી 31 માર્ચ 2022) (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| 1 | મ્યૂનિશન્સ ઈન્ડિયા લિમિટેડ | 28 |
| 2 | આર્મર્ડ વ્હીકલ્સ નિગમ લિમિટેડ | 33.09 |
| 3 | ઈન્ડિયા ઓપ્ટેલ લિમિટેડ | 60.44 |
| 4 | એડવાન્સ્ડ વેપન્સ એન્ડ ઈક્વિપમેન્ટ ઈન્ડિયા લિમિટેડ | 4.84 |
| 5 | ગ્લાઈડર્સ ઈન્ડિયા લિમિટેડ | 1.32 |
| 6 | ટ્રૂપ કોમ્ફોર્ટ્સ લિમિટેડ | 26 |
| 7 | યંત્ર ઈન્ડિયા લિમિટેડ | (111.49) |

# સંરક્ષણ R&Dમાં આવિષ્કારો

## રૂસ્તમ-II – મલ્ટિ-મિશન અનમેન્ડ એરિયલ વ્હીકલ

- લાંબાગાળાના જાસૂસી મિશનો માટે 24 કલાક સુધી ટકી રહેવાની ક્ષમતા

## નિર્ભય

### લાંબી રેન્જની સબસોનિક ક્રૂઝ મિસાઈલ

- ભારતની સૌપ્રથમ સ્વદેશમાં ડિઝાઈન કરેલી અને વિકસાવવામાં આવેલી ક્રૂઝ મિસાઈલ
- 1,000 કિમીની રેન્જ
- 300 કિલો સુધીનો દારૂગોળો લઈ જવાની ક્ષમતા
- બહુવિધ પ્લેટફોર્મ પર તૈનાત કરી શકાય છે





## બ્રહ્મોસ

### બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું એર સંસ્કરણ

- સુપરસોનિક ફાઈટર એરક્રાફ્ટ સુખોઈ 30 MK-I પરથી સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું, જેમાં સ્વદેશી ઘટકો વધારવામાં આવ્યા છે અને તેનું પરફોર્મન્સ સુધારવામાં આવ્યું છે

## મધ્યમ રેન્જની સરફેસ-ટુ-એર મિસાઈલ

- INS કોચી પરથી ઓપરેશન ફ્લાઈટનું પરીક્ષણ કરવામાં આવ્યું
- ઓપરેશનના કેન્દ્રીયકૃત મોડમાં સી સ્કિમિંગ મિસાઈલને આંતરવા સહિત સશસ્ત્ર સિસ્ટમની ક્ષમતાનું સફળ પ્રદર્શન કર્યું છે

## અગ્નિ 5

### લાંબી રેન્જની સરફેસ-ટુ-સરફેસ બેલાસ્ટિક મિસાઈલ

- 2018માં સફળતાપૂર્વક ત્રણ વખત ફ્લાઈટનું પરીક્ષણ કર્યું
- સાત સફળ ફ્લાઈટ પરીક્ષણો કરવામાં આવ્યા

## અસ્ત્ર

### વિઝ્યુઅલ રેન્જની આગળની એર-ટુ-એર મિસાઈલ

- ઉચ્ચ સિંગલ શોટ મારણ સંભાવના ધરાવે છે
- ઉચ્ચ દાવપેચ વાળા સુપરસોનિક એરિયલ લક્ષ્યોને આવરી લેવા અને ખતમ કરવા માટે તૈયાર કરવામાં આવી છે

## INS વિક્રમાદિત્ય પર LCA નેવીનું પ્રથમ ઓનબોર્ડ લેન્ડિંગ

- સઘન પરીક્ષણો કર્યા પછી જાન્યુઆરી 2020માં INS વિક્રમાદિત્ય પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરવામાં આવ્યું

## NAG મિસાઈલ

- થર્ડ જનરેશન એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ NAGનું ફાઈનલ યુઝર પરીક્ષણ પોખરણ રેન્જમાંથી ઓક્ટોબર 2020માં કરવામાં આવ્યું
- આ મિસાઈલને વાસ્તવિક દારુગોળાથી એકીકૃત કરવામાં આવી હતી અને નિર્ધારિત રેન્જમાં એક ટેન્કને લક્ષ્ય તરીકે રાખવામાં આવી હતી

## પિનાકા રોકેટ સિસ્ટમ

- નવેમ્બર 2020માં ઓડિશાના દરિયાકાંઠા નજીક સફળતાપૂર્વક ફ્લાઈટ પરીક્ષણ કરવામાં આવ્યું



## ઝડપી પ્રતિક્રિયા આપતી સરફેસ ટુ એર મિસાઈલ સિસ્ટમ

- મધ્યમ રેન્જ અને મધ્યમ ઊંચાઈએ બેનશી પાઈલટરહિત લક્ષિત એરક્રાફ્ટ પર સીધો પ્રહાર કરીને ઘણી મોટી સીમાચિહ્નરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરી

## લાંબી રેન્જની સરફેસ ટુ એર મિસાઈલ

- ભારતીય નૌકાસેનાની હવાઈ સંરક્ષણ ક્ષમતાઓના મજબૂતીકરણ માટે DRDO અને ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંયુક્ત રીતે વિકસાવવામાં આવેલી સિસ્ટમ

## હેલિના (ભૂમિસેના સંસ્કરણ) અને ધ્રુવસ્ત્ર (વાયુસેના સંસ્કરણ)

- થર્ડ જનરેશન, લૉક ઓન બિફોર લોન્ચ (LOBL) ફાયર અને ફર્ગોટ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ
- સીધા પ્રહારનો મોડ તેમજ ઉપરથી હુમલાનો મોડ, બંનેમાં લક્ષ્ય સાધી શકે છે

## મેન પોર્ટેબલ એન્ટી-ટેન્ક ગાઈડેડ મિસાઈલ

- સ્વદેશમાં વિકસાવવામાં આવેલી ઓછા વજનની ફાયર એન્ડ ફર્ગોટ મિસાઈલનું સફળ ફ્લાઈટ પરીક્ષણ કરવામાં આવ્યું છે

## આકાશ પ્રાઈમ મિસાઈલ

- વધુ સારી ચોકસાઈ માટે સ્વદેશી બનાવટના એક્ટિવ રેડિયો ફ્રિક્વન્સી શોધકથી સજ્જ છે

## મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ

- DRDO દ્વારા જાન્યુઆરી ૨૦૨૨માં MPATGMના ફાઈનલ ડિલિવરી પાત્ર કન્ફિગરેશનનું ફ્લાઈટ પરીક્ષણ કરવામાં આવ્યું હતું



## પ્રલય

- સ્વદેશમાં બનાવવામાં આવેલી સરફેસ-ટુ-સરફેસ મિસાઈલનું 22 ડિસેમ્બર 2021 ના રોજ પ્રથમ ફ્લાઈટ પરીક્ષણ કરવામાં આવ્યું હતું

## ટેકનોલોજી વિકાસ ભંડોળ

- સંરક્ષણ પ્રોડક્ટ્સના સ્વદેશીકણ માટે ભારતીય ઉદ્યોગો જેમાં ખાસ કરીને MSMEને સક્ષમ બનાવવા માટે રૂ. 100 કરોડનું કોર્પસ ભંડોળ
- DRDO, સંરક્ષણ સેવાઓ અને DPSUની જરૂરિયાત અનુસાર નવી ટેકનોલોજી વિકસાવવા માટે આ ભંડોળનો ઉપયોગ થઈ શકે છે
- TDF હેઠળ તમામ પ્રોજેક્ટના ખર્ચમાં વધારો કરવામાં આવ્યો, અગાઉ રૂ. 10 કરોડથી વધારીને હવે તેને રૂ. 50 કરોડ સુધી કરવામાં આવ્યો



## ટેકનોલોજીનું હસ્તાંતરણ

- ભારતીય ઉદ્યોગને સહકાર આપવા માટે ટેકનોલોજી હસ્તાંતરણ દસ્તાવેજના રૂપમાં સંબંધિત 'જાણો કેવી રીતે' વિગતો પ્રદાન કરવામાં આવી છે
- વિકાસ અને ઉત્પાદન ભાગીદાર / વિકાસ ભાગીદાર /ઉત્પાદન એજન્સીને કોઈપણ ToT ફી વસુલ્યા વગર અને અન્ય ઉદ્યોગોને મંજૂર થયેલા કુલ પ્રોજેક્ટ ખર્ચના 5%ના દરે એક વખત લેવામાં આવતી ToT ફી સાથે ટેકનોલોજીનું હસ્તાંતરણ કરવામાં આવ્યું
- સશસ્ત્ર દળો તેમજ અન્ય સરકારી વિભાગોને કરવામાં આવતા વેચાણ પર કોઈ જ રોયલ્ટી વસુલવામાં આવતી નથી. ભારતીય વ્યાપારી બજારમાં થતા વેચાણ અને નિકાસ માટે 2% રોયલ્ટી લાગુ થવા પાત્ર છે

## ભારતીય ઉદ્યોગ માટે DRDO પેટન્ટ્સ

- DRDOની વેબસાઈટ પર તમામ પેટન્ટ્સ અને સંબંધિત બૌદ્ધિક પ્રકાશન ઉપલબ્ધ છે. ભારતીય ઉદ્યોગો વિનામૂલ્યે તેનો ઉપયોગ કરી શકે છે.



“

2016ની સર્જિકલ સ્ટ્રાઈક અને 2019ની બાલાકોટ એર સ્ટ્રાઈક માત્ર સૈન્ય દ્વારા કરવામાં આવેલા હુમલા નહોતા પરંતુ, વિરોધીઓને આપેલો એક મજબૂત સંદેશો હતો કે, ભારત સામે સસ્તુ યુદ્ધ કરવા માટે સરહદપાર ઉભા કરાયેલા આતંકી ઈન્ફ્રાસ્ટ્રક્ચરોનો સલામત ઠેકાણાઓ તરીકે ઉપયોગ ના થઈ શકે.

**સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથસિંહ**

('એર પાવર ઈન નો વોર નો પીસ' પરિસ્થિતિ અંગે સેમીનારમાં)




# શાંતિ માટે સૈન્યનો ઉપયોગ

## 2016 સર્જિકલ સ્ટ્રાઈક

- ઉરીમાં થયેલા હુમલા પછી, ભારતીય સૈન્યએ 28-29 સપ્ટેમ્બર 2016ની રાત્રિ દરમિયાન POKમાં સર્જિકલ સ્ટ્રાઈક કરીને ભારતની છબીને વિચાર કરનારા રાષ્ટ્રમાંથી બદલીને પગલાં લેનારા રાષ્ટ્ર તરીકે બનાવી હતી.





## 2019 બાલાકોટ એર સ્ટ્રાઈક

26 ફેબ્રુઆરી 2019ના રોજ વહેલી પરોઢે બૌદ્ધિકતા સાથે પૂર્વાયોજન સાથે ઓપરેશન હાથ ધરીને બાલાકોટમાં જૈશ-એ-મોહંમદના સૌથી મોટા ટ્રેનિંગ કેમ્પનો નાશ કરવામાં આવ્યો હતો.

- પુલવામામાં 14 ફેબ્રુઆરી 2019ના રોજ જૈશ-એ-મોહંમદ દ્વારા કરવામાં આવેલા આત્મઘાતી હુમલાનો આ વળતો જવાબ હતો. આ હુમલામાં CRPFના 40 બહાદુર જવાનો શહીદ થયા હતા.

# 'બચાવનાર'ની ભૂમિકામાં સશસ્ત્ર દળો

## ઓપરેશન ગંગા

- ભારતીય વાયુસેનાએ પોતાના C-17 એરક્રાફ્ટના 24 ફેરા કરીને સંઘર્ષગ્રસ્ત યુક્રેનમાં ફસાયેલા 2,457 ભારતીય નાગરિકોને બહાર કાઢ્યા હતા.

# અફઘાનિસ્તાનમાં બચાવ કામગીરી

- 2021માં અફઘાનિસ્તાનમાં યુદ્ધ- વિદ્રોહની સ્થિતિમાં ફસાયેલા 579 ભારતીય નાગરિકોને IAF દ્વારા 21 ફેરા કરીને તેમને સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા હતા.

# ઓપરેશન મૈત્રી

- 2015માં નેપાળમાં આવેલા વિનાશકારી ભૂકંપ વખતે રાહત અને બચાવના પ્રયાસોમાં મદદરૂપ થવા માટે IAF દ્વારા પોતાની સાધન-સંપદાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. IAFના કેટલાક એરક્રાફ્ટ/હેલિકોપ્ટર દ્વારા 1,638 ફેરા કરીને 5,973 લોકોને બચાવવામાં આવ્યા હતા.









# કોવિડ-19 અદૃશ્ય શત્રુ સામેની જંગ

## 2020માં પ્રથમ ચરણ વખતે

- ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાસેના

  4,200 ભારતીયોને ચીન અને અન્ય દેશોમાંથી બહાર કાઢીને વતનમાં લાવવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય મેડિકલ રાહત પહોંચાડવા માટે IAF દ્વારા 584 ફેરામાં 862 ટન વજનનો સામાન લઈ જવામાં આવ્યો હતો અને કુલ 780 કલાકની ઉડાન ભરી હતી
- ક્વૉરેન્ટાઈન સુવિધાઓ, સશસ્ત્ર દળ મેડિકલ સુવિધાઓના કર્મીઓ દ્વારા ચલાવવામાં આવી
- કોવિડ સંભાળ સુવિધાઓ અને અન્ય વ્યક્તિગત સુરક્ષા ઉપકરણો, સેનિટાઈઝર, માસ્ક વગેરેનું ઉત્પાદન DRDO અને DPSU દ્વારા કરવામાં આવ્યું

## 2021માં બીજા ચરણ વખતે

- ભારતીય વાયુસેના અને ભારતીય નૌકાસેનાએ ઓક્સિજનના કન્ટેઈનરો અને અન્ય મેડિકલ ઉપકરણોનું દેશમાં અને વિદેશમાં ટ્રાન્સપોર્ટેશન/હેરફેરની કામગીરી કરી હતી

  IAF દ્વારા 3757 ઉડાનના કલાકોમાં 13 દેશોમાંથી કુલ 15,306 ટનનો જથ્થો એરલિફ્ટ કરવામાં આવ્યો અને આમાં કુલ 1.4 મિલિયન એર નોટિકલ માઈલ કરતાં વધારે અંતર કાપ્યું હતું

  ઓપરેશન સમુદ્ર સેતુ-II

  ભારતના દસ યુદ્ધ જહાજોને લગભગ બે મહિના સુધી તૈનાત કરવામાં આવ્યા અને 53000 nm (અંદાજે 100,000 કિમી) કરતાં વધારે અંતર કાપ્યું
- DRDO, DPSU અને કેન્ટોન્મેન્ટ બોર્ડ્સ દ્વારા દેશભરમાં કોવિડ સંભાળ સુવિધાઓની સ્થાપના કરવામાં આવી
- DRDO દ્વારા દેશભરમાં યુદ્ધના ધોરણે 1,200 ઓક્સિજન પ્લાન્ટ્સ ઉભા કરવામાં આવ્યા
- DRDO એ સંલગ્ન કોવિડ થેરાપી એન્ટી-કોવિડ ડ્રગ '2-ડિઓક્સી-ડી-ગ્લુકોઝ' (2-DG) તૈયાર કરી
- નાગરિક પ્રશાસનને સહકાર આપવા માટે NCCના કેડેટ્સને નિયુક્ત કરવામાં આવ્યા
- સશસ્ત્ર દળોએ અસરકારક રીતે તેમના તમામ કર્મીઓનું રસીકરણ કર્યું



# માનવીય સહાયતા અને આપદા રાહત (HADR)

- રાષ્ટ્રીય સમુદ્રી હિતોનું રક્ષણ કરવા માટે હિન્દ મહાસાગર ક્ષેત્રમાં ભારતીય નૌકાસેના દ્વારા મિશન આધારિત નિયુક્તિઓ હાથ ધરવામાં આવી
- હોર્મૂઝની સામુદ્રધુની અને અખાતી પ્રદેશમાંથી પસાર થતા ભારતીય વેપારી જહાજોની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ભારતીય નૌકાસેના દ્વારા 'ઓપરેશન સંકલ્પ' હાથ ધરવામાં આવ્યું
- ઓક્સિજનનો પુરવઠો વધારવા માટે ભારતીય નૌકાસેના દ્વારા ઓપરેશન સમુદ્ર સેતુ-II હાથ ધરવામાં આવ્યું. દસ યુદ્ધ જહાજોને બે મહિના સુધી તૈનાત કરવામાં આવ્યા અને કુલ 53,00 nm કરતાં વધારે અંતર કાપ્યું
- 'ઓક્સિજન એક્સપ્રેસ'

  કોવિડ-19 દરમિયાન લક્ષદ્વીપ ટાપુ પ્રદેશ અને મિનિકોય ટાપુ પ્રદેશમાં ઓક્સિજન સિલિન્ડરોનો પુરવઠો જાળવી રાખવા માટે દક્ષિણી નેવલ કમાન્ડના INS શારદા અને MPV મેઘનાને તૈનાત કરવામાં આવ્યા
- મિશન સાગર

  ભારતીય નૌકાસેનાએ હિન્દ મહાસાગર પ્રદેશ અને દક્ષિણ ચીન સમુદ્ર વિસ્તારમાંથી પસાર થઈને પાંચ દેશોમાં પાંચ દેશોમાં પ્રવાહી મેડકિલ ઓક્સિજન અને અન્ય મેડિકલ ઉપકરણોની હેરફેરની કામગીરી કરી
- વિવિધ દેશોમાં કોવિડ-19 રસીના 1.5 લાખ ડોઝ પહોંચાડવા માટે ભારતીય નૌકાસેનાના P-8I એરક્રાફ્ટને તૈનાત કરવામાં આવ્યું







## વિંગ કમાન્ડર
## અંજલીસિંહ

વિદેશમાં કોઈપણ ભારતીય મિશનમાં નિયુક્ત કરવામાં આવેલી પ્રથમ મહિલા (મોસ્કોમાં ભારતીય દૂતાવાસમાં ડેપ્યૂટી એર એટેચ)

## લેફ્ટેનન્ટ
## ભાવના કસ્તૂરી

તમામ પુરુષોની ટૂકડીનું નેતૃત્વ કરનારી પ્રથમ મહિલા અધિકારી (આર્મી સર્વિસ કોર્પ્સ) - 2019ની પ્રજાસત્તાક દિવસની પરેડમાં





## કેપ્ટન
## અભિલાષા બરાક

આર્મી એવિએશન કોર્પ્સમાં કોમ્બેટ એવિએટર તરીકે જોડાનારી પ્રથમ મહિલા, નાસિકમાં કોમ્બેટ આર્મી એવિએશન ટ્રેનિંગ સ્કૂલમાં તેણીએ સ્નાતક કર્યા પછી નિયુક્તિ

## લેફ્ટેનન્ટ
## તાનિયા શેરગીલ

પ્રથમ ભારતીય મહિલા પરેડ સંલગ્ન કે જેમણે 2020ના આર્મી દિવસના કાર્યક્રમમાં તમામ પુરુષોની ટુકડીનું નેતૃત્વ કર્યું





## લેફ્ટેનન્ટ કમાન્ડર
## કાર્બી ગોગોઈ

મોસ્કોમાં ભારતીય દૂતાવાસ ખાતે આસિસ્ટન્ટ નેવલ એટેચ
તરીકે નિયુક્તિ; વિદેશમાં ભારતીય મિશનમાં નિયુક્તિ
મેળવનારી પ્રથમ ભારતીય નેવલ ઓફિસર



## ફ્લાઈટ લેફ્ટેનન્ટ
## શિવાંગીસિંહ

રાફેલ ફાઈટર એરક્રાફ્ટની ભારતની પ્રથમ મહિલા
પાઈલટ, જેમણે ૨૦૨૨ની પ્રજાસત્તાક દિવસની પરેડ
દરમિયાન IAFના ટેબ્લો પર ઊભા રહીને મહિલાઓની
વધી રહેલી શક્તિને પ્રતિબિંબિત કરી


# ફ્લાઈંગ ઓફિસરો
## હવે ફ્લાઈટ લેફ્ટેનન્ટ

અવની ચતુર્વેદી, ભાવના કંઠ અને મોહનાસિંહને પ્રથમ ત્રણ મહિલા ફાઈટર પાઈલટ તરીકે નિયુક્ત કરવામાં આવી છે.



ફ્લાઈટ લેફ્ટેનન્ટ

ભાવના કંઠ અવની ચતુર્વેદી મોહનાસિંહ



# રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક

## વીર યોદ્ધાઓને ગૌરવપૂર્ણ શ્રદ્ધાંજલિ

### આરંભથી સમાપન સુધી

- સશસ્ત્ર દળો દ્વારા આપવામાં આવેલા સર્વોચ્ચ બલિદાનના માનમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 25 ફેબ્રુઆરી 2019ના રોજ નવી દિલ્હી ખાતે દેશને રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક સમર્પિત કર્યું
- રાષ્ટ્રીય યુદ્ધ સ્મારકમાં સ્વતંત્ર ભારતમાં યુદ્ધમાં શહીદ થયેલા 26,000 કરતાં વધારે જવાનોને સન્માન આપવામાં આવ્યું છે
- યુદ્ધમાં શહીદ થયેલા પ્રત્યેક જવાનના માનમાં દરરોજ સાંજે 'નેક્સ્ટ ઓફ કીન' (આપ્તજન) કાર્યક્રમ યોજાય છે. આ જવાનોના નામ અહીં ત્યાગચક્રમાં કોતરવામાં આવ્યા છે. યુદ્ધ શહીદના આપ્તજનને અખંડ જ્યોત પર શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે.
- ઈન્ડિયા ગેટ ખાતેની અમર જવાન જ્યોતિને જાન્યુઆરી 20022માં NWMની અખંડ જ્યોતમાં સંમિલિત કરવામાં આવી છે.
- 'સ્વર્ણીમ વિજય વર્ષ'ની ઉજવણીઓ યોગ્ય રીતે છાજે તે પ્રકારે કરવામાં આવી હતી.




# યુવાનોની આગેવાનીમાં વિકાસ

## સૈનિક શાળાઓ અને NCC

- 100 નવી સૈનિક શાળાઓ આખા દેશમાં શરૂ કરવામાં આવી રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અનુસાર ગુણવત્તાપૂર્ણ શિક્ષણ આપવા માટે ભાગીદારી માધ્યમથી તેનો આરંભ થઈ રહ્યો છે.
  - દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં ઓછામાં ઓછી એક શાળા શરૂ કરવાનો પ્રસ્તાવ છે
  - આવી 21 શાળાને માન્યતા આપી દેવામાં આવી છે અને તેમણે શૈક્ષણિક વર્ષ 2022-23થી શરૂ થતા સત્ર માટે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું શરૂ કરી દીધું છે
  - 10 નવી માન્યતા આપવામાં આવેલી સૈનિક શાળાઓમાં પસંદ કરવામાં આવેલા 485 વિદ્યાર્થીઓની પ્રથમ હંગામી યાદી બહાર પાડવામાં આવી છે
- NCCનું વિસ્તરણ કરીને એક લાખ કેડેટ્સ સુધી લઈ જવા માટે યોજના
  - 1,283 શાળા/કોલેજોને ઓળખી કાઢવામાં આવી છે (સરહદી વિસ્તારોમાં 896, દરિયાકાંઠાના વિસ્તારોમાં 255 અને વાયુસેના તાલુકાઓમાં 132)
- કેડેટ્સમાં વધુ સારી રાષ્ટ્રીય જાગૃતિ વિકસાવવા અને આંતરરાષ્ટ્રીય સમજણ કેળવવા માટે NCCમાં યુવા વિનિમય કાર્યક્રમનું વિસ્તરણ કરવામાં આવ્યું



# વન રેન્ક, વન પેન્શન યોજના

- સમાન રેન્ક અને સેવાના સમાન સમયગાળા સાથે નિવૃત્ત થતા સંરક્ષણ દળોના કર્મીઓને તેમની નિવૃત્તિની તારીખને ધ્યાનમાં રાખ્યા વગર એકસમાન પેન્શન ચુકવવામાં આવે છે
- OROPના અમલીકરણ પછી 20.6 લાખ પેન્શનરો/પેન્શનરોના પરિવારોને એરિયર્સ પેટે રૂપિયા 10,795 કરોડ ચુકવવામાં આવ્યા છે
- OROPના કારણે દર વર્ષે રૂપિયા 7,123 કરોડનો વધુ ખર્ચ થાય છે

## SPARSHનો પ્રારંભ

- સંરક્ષણ પેન્શનની મંજૂરી અને ચુકવણીના ઓટોમેશન માટે આ એક પ્રકારની એકીકૃત સિસ્ટમ છે
- પેન્શનના દાવાઓની પ્રક્રિયા કરે છે અને કોઈપણ બાહ્ય મધ્યસ્થી પર નિર્ભર રહ્યા વગર સીધા જ સંરક્ષણ પેન્શનરના બેંકના ખાતામાં પેન્શન જમા કરે છે

  અંદાજે પાંચ લાખ સંરક્ષણ પેન્શનરોને પ્લેટફોર્મ પર સફળતાપૂર્વક લાવીને સ્પર્શે મોટી સીમાચિહ્નરૂપ સિદ્ધિ પ્રાપ્ત કરી છે
- નાણાકીય વર્ષ 2021-22માં રૂ. 11,600 કરોડ કરતાં વધારે ચુકવણી કરી, જ્યારે નાણાકીય વર્ષ 2020-21માં અંદાજે રૂ. 57 કરોડ ચુકવ્યા હતા





# સલામત ભારત માટે સરહદી ક્ષેત્રોનો વિકાસ

- સીમા માર્ગ સંગઠન દ્વારા એપ્રિલ 2014 સુધીમાં 6,763 કિલોમીટરના માર્ગોનું બાંધકામ કરવામાં આવ્યું હતું જેમાં 1,400 કિમીથી વધુ લંબાઈના 32 ભારત-ચીન સરહદી માર્ગો અને 5,300 કિમી લંબાઈના અન્ય મુખ્ય મહત્વપૂર્ણ/વ્યૂહાત્મક મહત્વ ધરાવતા માર્ગો સામેલ છે.
- 2021-22માં **BRO** દ્વારા કુલ 102 ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું કામ પૂરું કરવામાં આવ્યું જેમાં 87 પુલ અને 15 માર્ગો છે – મોટાભાગના પ્રોજેક્ટ માત્ર એક જ વર્ષમાં પૂરા થયા.
- રોહતાંગ ખાતે 10,000 ફુટની ઊંચાઈએ દુનિયાની સૌથી લાંબી સુરંગ 'અટલ ટનલ' ઓક્ટોબર 2020થી કાર્યરત થઈ જેથી તમામ પ્રકારના હવામાનની સ્થિતિમાં નિમુ-પદમ-દારચા માર્ગ અને લાહૌલ-સ્પિતિ થઈને વૈકલ્પિક રૂટ મારફતે લેહ સાથેની કનેક્ટિવિટી સુનિશ્ચિત થઈ શકે.
- લદ્દાખમાં દુનિયાનો સૌથી ઊંચા સ્થળે મોટરવાહન ચાલી શકે તેવો માર્ગ બાંધવામાં આવ્યો જે 19,300 ફુટની ઊંચાઈએ ઉમલિંગ લા ટોપ થઈને નીકળે છે. વ્યૂહાત્મક મહત્વ ધરાવતો 52 કિમીનો આ માર્ગ સરહદી ગામડાઓને જોડે છે.




અટલ ટનલ




ઉમલિંગ લા ટોપ

- **તમામ પ્રકારના હવામાનની સ્થિતિમાં સેલા પાસમાંથી પસાર થઈને તવાંગ સાથે કનેક્ટિવિટી પૂરી પાડી શકાય તે માટે 13,960 ફૂટની ઊંચાઈએ બાલીપારા- ચારદુઆર- તવાંગ માર્ગ પર સેલા ટનલનું બાંધકામ શરૂ થઈ ગયું છે.**
- **અરુણાચલ પ્રદેશમાં મે 2022માં નેચીફુ ટનલને ખોદવાનું કામ પૂરું થઈ ગયું છે. પશ્ચિમ કામેંગ જિલ્લામાં બાલીપારા- ચારદુઆર- તવાંગ માર્ગ પર 5,700 ફુટ ઊંચાઈએ આવેલી આ ટનલ 500 મીટર લાંબી છે. તે આધુનિક લાઈટિંગ અને સલામતીની સુવિધાઓથી સજ્જ હશે.**
- **140- ફુટનો સ્વદેશી વર્ગ -70, દ્વીમાર્ગીય પ્રથમ મોડ્યૂલર પુલ સિક્કીમમાં 11,000 ફુટની ઊંચાઈએ ફ્લેગ હિલ- ડોકાલા માર્ગ પર તૈયાર કરવામાં આવ્યો છે જે લોકો માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે.**
- **નવી દિલ્હીમાં BROના હેડક્વાર્ટર ખાતે 'માર્ગ સલામતી અને જાગૃતિ માટે ઉત્કૃષ્ટતા કેન્દ્ર' અને 'માર્ગો, પુલો, એર ફિલ્ડ અને ટનલો માટે ઉત્કૃષ્ટતા કેન્દ્ર'નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.**



**સેલા ટનલ**



**નેચીફુ ટનલ**



# સંરક્ષણ વિભાગ બન્યો ડિજિટલ

## ઈઝ ઓફ લિવિંગ માટે ટેકનોલોજી

- પારદર્શક પ્રક્રિયાઓ
- ઝડપી કામગીરી
- કોઈ મધ્યસ્થી નહીં
- ઈ-છાવણી પ્રોજેક્ટ

  62 કેન્ટોન્મેન્ટ બોર્ડમાં રહેતા 20 લાખ કરતાં વધારે રહેવાસીઓને ઑનલાઈન નાગરિક સેવાઓ પૂરી પાડવા માટે શરૂ કરાયો
- LAN નેટવર્ક

  એર-ગેપ્ડ ઈન્ટરનેટ અને ઈન્ટ્રાનેટ નેટવર્ક સહિત, જે સંરક્ષણ વિભાગ, ભૂતપૂર્વ સૈનિક કલ્યાણ વિભાગ અને સંરક્ષણ નાણાં વિભાગમાં કાર્યાન્વિત છે

- હવાઈ સર્વેક્ષણ કરવા માટે સંરક્ષણ વિભાગની પરવાનગી લેવા માટે ઑનલાઈન જ્યોગ્રાફિકલ ઈન્ફોર્મેશન સિસ્ટમ આધારિત એપ્લિકેશન ફોર્મ માટે પોર્ટલની શરૂઆત કરવામાં આવી જેથી હવાઈ સર્વેક્ષણની જરૂર હોય તેવા વિકાસના કાર્યો માટે સંરક્ષણ દ્વારા મંજૂરીનું કાર્ય સુવ્યવસ્થિત થઈ શકે.
- હવાઈ સર્વેક્ષણ, પાવર પ્રોજેક્ટ્સ અને સંશોધન સર્વે એક્સપ્લોરેશન એક્સપ્લોઈટેશન પ્રવૃત્તિઓ સહિત તમામ NOC ઑનલાઈન આપવામાં આવે છે
- કેન્ટીનમાંથી અગેઈન્સ્ટ ફર્મ ડિમાન્ડ (AFD-I) (જેમ કે, કાર, મોટરસાઈકલ વગેરે) વસ્તુઓની ખરીદી માટે પોર્ટલ શરૂ કરવામાં આવ્યું
- CSDમાં તમામ મુખ્ય ચીજો જેમ કે, SAFD ચીજો માટે 100% ડિજિટલ ચુકવણી પ્રાપ્ત કરવામાં આવી; બિન AFD ચીજો માટે 99%



# સંરક્ષણ જમીન અને એસ્ટેટ ક્ષેત્રની સિદ્ધિઓ

- સંરક્ષણ સંચાલન સંબધિત તમામ પ્રસ્તાવોની અસલ વિગતો મેળવવા માટે જમીન વ્યવસ્થાપન સિસ્ટમ શરૂ કરવામાં આવી
- 31 ડિસેમ્બર 2021ના રોજ વિક્રમી સમયમાં સંપૂર્ણ સંરક્ષણ જમીન સર્વેના તબક્કા IIની કામગીરી પૂરી થઈ ગઈ
- ટાઈમ સિરિઝ સેટેલાઈટ ઈમેજરી પર આધારિત "ચેન્જ ડિટેક્શન સોફ્ટવેર" દ્વારા દબાણો ઓળખવા માટે ભાભા એટોમિક સંશોધન કેન્દ્ર સાથે સહયોગથી નવતર પદ્ધતિ વિકસાવવામાં આવી
- દિલ્હી કેન્ટોન્મેન્ટના નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિફેન્સ એસ્ટેટ મેનેજમેન્ટ ખાતે ટૂંક સમયમાં ઉભરતી જમીન સર્વેક્ષણની ટેકનોલોજીઓ માટે ઉત્કૃષ્ટતા કેન્દ્ર શરૂ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે



ભાભા એટોમિક સંશોધન કેન્દ્ર




નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિફેન્સ
એસ્ટેટ મેનેજમેન્ટ, દિલ્હી કેન્ટોન્મેન્ટ

रक्षा मंत्रालय
MINISTRY OF
DEFENCE

सत्यमेव जयते

75 Azadi Ka Amrit Mahotsav

"

ભારત જ્યારે આત્મનિર્ભર બનવાની વાત કરી રહ્યું છે, ત્યારે તે સ્વકેન્દ્રીત સિસ્ટમની હિમાયત નથી કરતું. ભારતની આત્મનિર્ભરતમાં, આખા વિશ્વની ખુશી, સહકાર અને શાંતિની ચિંતા આવરી લીધેલી છે.

**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી**

(75મા સ્વાતંત્ર્ય દિવસ
નિમિત્તે સંબોધન વખતે)




सत्यमेव जयते
સંરક્ષણ મંત્રાલય
MINISTRY OF
DEFENCE
8 વર્ષ
ઉત્કૃષ્ટતાના
@SpokespersonMoD
@DefenceMinIndia
MinistryofDefenceGovernmentofIndia